# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22/11/2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે મહેસાણાના વડનગરમાં તાના-રીરી મહોત્સવનો શુભારંભ કરાવશે.**
2. **સ્ટેટ મોનિટરિંગ સેલે પાલનપુર અને મહેસાણામાંથી કેફી પદાર્થના જથ્થા સાથે સાત આરોપીની ધરપકડ કરી.**
3. **રાજ્યમાં 13 લાખથી વધુ લોકોએ મોબાઇલ હેલ્થ-મેડિકલ યુનિટ વાન દ્વારા OPD સેવાઓનો લાભ મેળવ્યો.**
4. **આગામી બે દિવસમાં રાજ્યના લોકોને ઠંડીથી આંશિક રાહત મળશે.**
5. **અમદાવાદમાં એએફસી U-17 ક્વોલિફાયર્સનો આજથી પ્રારંભ થશે.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CM TANA RIRI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે મહેસાણાના વડનગરમાં તાના-રીરી મહોત્સવનો શુભારંભ કરાવશે. આ બે દિવસના કાર્યક્રમ દરમિયાન સુપ્રસિદ્ધ કલાકારો શાસ્ત્રીય ગાયન-વાદન અને લોકસંગીતના કાર્યક્રમો રજૂ કરશે.

વડનગરની ઐતિહાસિક સંગીત પરંપરાને જીવંત રાખવા માટે વર્ષ 2003માં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તાના-રીરી મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો.

સાંભળીએ એક અહેવાલ..

## વૉઈસકાસ્ટ : જયંતી ચૌધરી

---

# SMC NDPS

સ્ટેટ મોનિટરિંગ સેલે પાલનપુર અને મહેસાણામાંથી કેફી પદાર્થના જથ્થા સાથે સાત આરોપીની ધરપકડ કરી છે. જેમાં પાલનપુરના ચાર આરોપીઓ પાસેથી 3 લાખ 30 હજાર રૂપિયાના 110 ગ્રામ મેફેડ્રોન અને મહેસાણાના ત્રણ આરોપીઓ પાસેથી 10 લાખ રૂપિયાથી વધુની કિંમતનો મેથાએમ્ફાટામાઈન માદક પદાર્થ મળી આવ્યો છે.

આ અંગે સ્ટેટ મોનિટરિંગ સેલના પોલીસ અધિક્ષક મયુર ચાવડાએ વધુ માહિતી આપી.

## બાઈટ - મયુર ચાવડા, એસપી, સ્ટેટ મોનિટરિંગ સેલ

---

## NCB

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરો- NCBએ 2023 અમદાવાદ 4-મેથિલેથકેથિનોન જપ્તી કેસમાં બે આંતરરાજ્ય માદક પદાર્થ હેરફેર કરનારાઓને દોષિત ઠેરવ્યા.

ખેડાની કપડવંજ અદાલતે રાજસ્થાન બાંસવાડાના રઈસ મોહમ્મદ અને અમદાવાદ વટવાના ફૈયાઝ અહેમદને 14 વર્ષની સખત કેદની સજા અને એક લાખ રૂપિયાનો દંડ કર્યો છે.

---

## MOBILE HEALTH UNITS

રાજ્યમાં 13 લાખ 50 હજારથી વધુ લોકોએ 137 મોબાઇલ હેલ્થ-મેડિકલ યુનિટ એટલે કે આરોગ્ય-તબીબી વાન દ્વારા ઓપીડી સેવાઓનો લાભ મેળવ્યો છે . રાજ્યમાં 102 મોબાઇલ હેલ્થ યુનિટ અને 35 મોબાઇલ મેડિકલ યુનિટ કાર્યરત છે , જેમાં 80 આદિવાસી પટ્ટામાં, 23 અગરિયા વિસ્તારોમાં, 11 રણ પ્રદેશોમાં, ચાર વન વિસ્તારમાં અને 19 સામાન્ય ગ્રામીણ વિસ્તારોમાં કાર્યરત છે.

સપ્ટેમ્બર 2025 સુધીમાં, આ એકમોએ OPD પરામર્શ દ્વારા 13 લાખથી વધુ નાગરિકોને સેવા આપી છે, જેમાં પાંચ લાખથી વધુ લોકો માટે લેબ પરીક્ષણો કર્યા છે, 8 હજારથી વધુ મહિલાઓને પ્રસૂતિ પહેલાની સંભાળ પૂરી પાડી છે અને એક હજારથી વધુ ઉચ્ચ જોખમ ધરાવતી ગર્ભાવસ્થાની ઓળખ કરી છે.

---

# WEATHER

આગામી બે દિવસમાં રાજ્યના લોકોને ઠંડીથી આંશિક રાહત મળશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી 48 કલાકમાં રાજ્યમાં ઠંડીમાં ઘટાડો થઈ શકે છે.

બીજી તરફ, હાલ રાજ્યમાં 11 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે કચ્છનું નલિયા સૌથી ઠંડું શહેર રહ્યું છે. આ અંગે હવામાન વિભાગના નિયામક ડૉક્ટર એ. કે. દાસે વધુ માહિતી આપી.

## બાઇટ : ડૉ.એ. કે. દાસ, નિયામક

---

# UNITY MARCH – DISTRICT STORY

સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મ જ્યંતિ પર જિલ્લાના વિવિધ સ્થળો પર પદયાત્રા યોજાઈ રહી છે.

જે અંતર્ગત છોટાઉદેપુરની સંખેડા વિધાનસભામાં યુનિટી માર્ચનું આયોજન કરાયું હતું. આ પદયાત્રાને ધારાસભ્ય અભેસિંહ તડવીએ પ્રસ્થાન કરાવી હતી. મહાનુભવોના હસ્તે સરદાર પટેલની પ્રતિમાને ફૂલહાર કરી પુષ્પાજંલી આપી હતી.

જેને લઇ ધારાસભ્ય અભેસિંહ તડેવીએ માહિતી આપી હતી.

## (બાઈટ- અભેસિંહ તડવી – ધારાસભ્ય )

ભાવનગરના રૂપાણી સર્કલથી સરદાર સ્મૃતિ સુધી ધારાસભ્ય સેજલ પંડયાના અધ્યક્ષસ્થાને 'સરદાર@૧૫૦ યુનિટી માર્ચ ' અંતર્ગત ભવ્ય પદયાત્રા

યોજાઈ. આ પદયાત્રા એકતા અને રાષ્ટ્ર પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતિક બની હતી. આ પદયાત્રા પૂર્વે શહીદોના પરિવારોનું સન્માન કરાયું હતું.

ભરૂચના વાલિયા તાલુકાના રાજપરા ગામમાં ધારાસભ્ય રિતેશ વસાવાના હસ્તે સરદાર પટેલ યુનિટી એકતા પદયાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

---

## EKTANAGAR VISIT

સરદાર વલ્લભભાઈ પટેલના પરિવારજનોએ તાજેતરમાં એકતાનગર ખાતે સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાત લીધી. મુલાકાત દરમિયાન સરદાર વલ્લભભાઈ પટેલના પૌત્ર ગૌતમ પટેલે ભવ્ય સ્મારકના નિર્માણથી સ્થાનિક સ્તરે ઉભી થયેલી રોજગારીની પ્રશંસા કરી.

### બાઈટ – ગૌતમ પટેલ, સરદાર પટેલના પૌત્ર

---

## PORBANDAR SIR

મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ- SIR અંતર્ગત પોરબંદર જિલ્લામાં વિશેષ કેમ્પનું આયોજન.

જિલ્લાના દરેક વિધાનસભામાં આજે અને આવતીકાલે સવારે 9થી બપોરે એક વાગ્યા સુધી BLO મતદાન મથક પર હાજર રહી , ગણતરી પત્રક વિતરણ , પરત લેવા અને 2002ની મતદારયાદીમાં નામ શોધવા સહિતની કામગીરી કરશે.

ત્યારે 01-11-2025ના રોજ 18વર્ષ કે તેથી વધુ વય થતી હોય તો ફોર્મ નં- 6 ભરી અચુક મતદાર યાદીમાં નામ નોંધણી કરાવવા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરે ખાસ અપીલ કરી છે.

---

## AFC U-17 FOOTBOLL

અમદાવાદમાં આજથી એએફસી U-17 ક્વોલિફાયર્સનો પ્રારંભ થશે. અમદાવાદના એકા અરેના ટ્રાન્સ્ટેડિયા ખાતે આજથી 30 નવેમ્બર દરમિયાન એએફસી અંડર-17 એશિયન કપ ક્વોલિફાયર્સના ગ્રુપ-ડીની મેચો રમાશે.

આજે ભારત- પેલેસ્ટાઈન વચ્ચે 7.30 વાગ્યાથી મેચ રમાશે. આ ગ્રુપમાં યજમાન ભારત ઉપરાંત ઈરાન , લેબનોન, પેલેસ્ટાઈન અને ચાઈનીઝ તાઈપેઈની ટીમો મેદાનમાં ઉતરશે.

ગ્રુપ -ડીના મુકાબલા 22 ,24,26,28 અને 30 નવેમ્બરના રોજ સાંજે 4.30થી 7.30 વાગ્યાથી રમાશે.

---

## PATAN CHESS

પાટણના સરસ્વતી શિશુમંદિરની વિદ્યાર્થિની વૈશ્વી પટેલની ચેસમાં રાષ્ટ્રીય સ્તરે પસંદગી થઈ છે.

ધોરણ–8માં અભ્યાસ કરતી વૈશ્વીએ ગોધરા ખાતે યોજાયેલી રાજ્યકક્ષાની 17 વર્ષથી નીચેની બહેનોની ચેસ સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરીને ગૌરવ મેળવ્યું છે. તે હવે ત્રિપુરામાં યોજાનાર રાષ્ટ્રીય કક્ષાની ચેસ સ્પર્ધા ભાગ લેશે.

આ અંગે વૈશ્વીએ વધુ માહિતી આપી.

## બાઇટ : વૈશ્વી પટેલ, સ્પર્ધક

---

# RAILWAY

**પશ્ચિમ રેલ્વેએ બાંદ્રા- પાલીતાણા વચ્ચે વિશેષ ટ્રેન દોડવાવવાનો નિર્ણય કર્યો છે. ટ્રેનમાં સુપરફાસ્ટ એક્સપ્રેસનું ભાડું વસૂલ કરાશે.**

**પાલીતાણા બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ 24 નવેમ્બરે રાતે 8.30 વાગ્યે પાલીતાણાથી ઉપડી બીજા દિવસે સવારે 10.45 વાગે બાંદ્રા ટર્મિનસ પહોંચશે.**

**આ ટ્રેન અમદાવાદ, બોટાદ, ધોળા, સોનગઢ, સિહોર સ્ટેશને ઉભી રહેશે. ટ્રેનનું બુકિંગ આજથી શરૂ થશે.**

---